# 1 (૧) બિનસરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓને પેન્શન યોજનાનો લાભ આપવા અંગે

Edu. & Lab. Dept., G.R. No. : SSN-3470/41845-G,
Dt: 21-12-'71

છેલ્લા થોડા વખતથી ગુજરાતમાં આવેલી મંજૂર થયેલ અને અનુદાન લેતી બિનસરકારી માધ્યમિક શાળાઓમાં કાર્ય કરતા શિક્ષકો અને અન્ય કાર્યકરોને પેન્શન, ગ્રેજ્યુઈટી તથા અન્ય નિવૃત્તિલાભો લાગુ પાડવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ હતો.

કાળજીભરી વિચારણા પછી સરકારને જાહેર કરતા આનંદ થાય છે કે પેન્શન, ગ્રેજ્યુઈટી અને અન્ય નિવૃત્તિલાભો કે જે ગુજરાત રાજ્યના કર્મચારીઓને એપેન્ડીક્ષ સી., બી.સી.એસ.આર. વૉલ્યુમ-૨માં સુધારેલા પેન્શનના નિયમો કે જે અવારનવાર સુધારવામાં આવેલા છે, તે કૌટુંબિક પેન્શનયોજના જે સરકારી નાણા ખાતાના ઠરાવ નં. : પી.ઈ.એન.-૧૦૭૨- યુ.ઓ.-૧૮૮૫-જે, તા. ૨૪-૧૨-'૬૯ અને ઠરાવ નં. : પી.ઈ.એસ.-૧૦૭૦-ટી.એચ.ઑર.જે. ઍક્ટેડ જે. જે. ૭૦ અને વખતોવખત સુધારેલ અન્ય મંજૂર થયેલી અને અનુદાન લેતી બિનસરકારી માધ્યમિક શાળાઓના સૌ કર્મચારીઓને લાગુ પાડવામાં આવે છે. આમાં તા. ૧૯-૩-'૬૫ ના રોજ જેમને પગારધોરણનું રક્ષણ કેળવણી અને મજૂર ખાતાનો સરકારી ઠરાવ પેરા ૪ નં. : આઈએનએસ-૧૫૬૫-જી, તા. ૪-૬-'૬૫ અને સુધારેલો ઠરાવ નં. : એસએસએન-૧૧૬૫/૮૬૮૧-જી, તા. ૧-૪-'૬૯ કે તે પછી નિવૃત્તિ વેતનના લાભોમાં સમાવેશ થાય છે.

**(૧) આ યોજનાના હેતુઓ માટે :**

(એ) બિનસરકારી માધ્યમિક શાળાઓમાં, માધ્યમિક શાળાઓમાં વિવિધલક્ષી શાળાઓ, ધંધાકીય શાળાઓ, પોસ્ટબેઝિક શાળાઓ ધોરણ ૮ થી ૧૧ સુધીના કે જે ગ્રાન્ટ-ઈન-એઈડ કોડમાં વ્યાખ્યાયિક થયેલી છે અને પોસ્ટબેઝિક આશ્રમશાળાઓ કે જે ૮ થી ૧૧ ધોરણ સુધી ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે, અને ગ્રાન્ટના હેતુ માટે યોગ્ય અધિકારી દ્વારા મંજૂર થયેલી છે, તે બધાનો સમાવેશ થાય છે.

**(બી) પેન્શનેબલ પગાર માટે પગારમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:**

(૧) મંજૂર કરેલા પગારધોરણમાંનો પગાર.

(૨) સુધારેલા પગારધોરણને લીધે પડતી ખોટ નિવારવા મંજૂર કરેલો વ્યક્તિગત પગાર.

(૩) શૈક્ષણિક કે ધંધાકીય મેળવેલી વધુ લાયકાત માટે સરકારી હુકમો પ્રમાણે મંજૂર કરવામાં આવેલો વધારાનો પગાર.

(૪) હેડમાસ્તરની જગ્યા પર સ્કેલને બદલે મેળવવામાં આવતું ભથ્થું.

(૫) ગ્રાન્ટ-ઈન-એઈડ કોડનાં નિયમ : ૬૧-૧ અને ૬૧-૨ પ્રમાણે નિમણૂક કરાયેલ સુપરવાઈઝરને મળતું સુપરવિઝન ભથ્થું.

(૬) ગ્રામ પ્રદેશમાં અપાતાં વધારાના ઈન્ક્રીમેન્ટ. આ નિયમ : ૪૬, એપેન્ડીક્ષ ૧૪-સી., બી.સી.એસ.આર. વૉલ્યુમ-૧ માં અવારનવાર સુધારેલા નિયમોનું સ્થાન લેશે.

**નોંધ :** જો કોઈ કર્મચારી તેની નોકરીનાં છેલ્લાં ત્રણ વર્ષ ભથ્થાં સાથે મળતી રજા લઈને ગેરહાજર હોય તો તેની આ રજાઓના શરૂઆતના છ માસમાં જો તે ફરજ ઉપર હાજર હોય અને જે પગાર હોય તે પગાર આ માટે ગણતરીમાં લેવો.

(એ) ટીચિંગ સ્ટાફ એટલે પૂરા સમયના શિક્ષક, આચાર્ય કે પૂરા સમયના ખાસ વિષયના કે જે બિનસરકારી માધ્યમિક શાળામાં કામ કરતા હોય.

(બી) 'નોન-ટીચિંગ સ્ટાફ' એટલે કલાર્ક અને પટાવાળાઓ.

(સી) 'પોસ્ટ ટ્રેનિંગ સર્વિસ' - એટલે ધંધાકીય લાયકાત (જેવી કે બી.એડ્.) મેળવ્યા પછી કરેલી પૂરા વર્ષની નોકરી. ડીમ્ડ ટ્રેઈન્ડ શિક્ષક માટે ડીમ્ડ ટ્રેઈન્ડ ગણ્યા ત્યારથી કરેલી પૂરા વર્ષની નોકરી.

૨. આ યોજના અનુસાર મંજૂર થયેલ પેન્શન, ગ્રેજ્યુઈટી, ફેમિલી પેન્શન વગેરેને મંજૂર કરવા માટે જિલ્લાશિક્ષણાધિકારીને સત્તા છે.

૩.(૧) જે કર્મચારીઓ તા. ૩૧-૩-'૬૯ના રોજ બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરીએ હોય અને જે તા. ૧-૪-'૬૯ પહેલાં સુપરએન્યુએટ થવાના હોય, એટલે કે ૫૮ વર્ષની ઉંમર પૂરી કરવાના હોય પણ જેમને જિલ્લાશિક્ષણાધિકારીની અગાઉથી મંજૂરી મેળવી નોકરીમાં એક્સ્ટેન્શન મેળવ્યું હોય અને કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડન્ટ ફંડ મેળવવાપાત્ર હોય તેમને આ ઠરાવની તારીખથી એક વર્ષની અંદર તેઓ પેન્શન કે પ્રોવિડન્ટ ફંડ સ્વીકારવા માગે છે તેનો નિર્ણય કરવાની છૂટ રહેશે.

જેઓ તા. ૩૧-૩-'૬૯ના રોજ નોકરીમાં હતા પણ નિવૃત્ત થયા નથી, તેમણે પોતાની ઇચ્છા એક વર્ષમાં જણાવવી કે પ્રોવિડન્ડ ફંડમાં રહેવું છે કે પેન્શનમાં. એક વાર પોતાની ઇચ્છા નક્કી કર્યા પછી તે આખરી ગણાશે. મંજૂર કરેલા ફોર્મમાં તેમણે તેમની ઇચ્છા જિલ્લાશિક્ષણાધિકારીને જણાવવી. યોગ્ય સમયમર્યાદામાં જે કર્મચારી પોતની ઇચ્છા નહિ જણાવે તો તેમને તા. ૧-૪-'૬૯ પહેલાં મળતા કર્મચારી લાભો તે સ્વીકારે છે એમ માની લેવામાં આવશે. જે કર્મચારી તા. ૧-૪-'૬૯થી પોતાની ઇચ્છા વ્યક્ત કરવાના એક વર્ષ દરમિયાન, પોતાની ઇચ્છા વ્યક્ત કર્યા સિવાય મરણ પામે તો તેમના કુટુંબને પી.એફ. કે પેન્શન એ બેમાંથી વધુ લાભકારક હશે તે યોજના મંજૂર કરવામાં આવશે. આવા પ્રસંગોએ પેન્શન મંજૂર કરનાર સત્તાવાળાઓએ બંને રીતે ગણતરી કરવી.

(૨) જે કર્મચારી પેન્શનયોજના સ્વીકારે તેમને જી.પી.એફ. યોજનામાં જોડાવવું પડશે અને જી.પી.એફ. તથા તેનું વ્યાજ જી.પી.એફ. એકાઉન્ટમાં જમા કરાશે. આ જનરલ પ્રોવિડન્ટની રકમ સરકાર પાસે રહેશે અને નિવૃત્ત થનારને નિયમો પ્રમાણે તે રકમ ચૂકવવામાં આવશે.

(૩) પેન્શનયોજના સ્વીકારનાર કર્મચારીના પ્રોવિડન્ટ ફંડમાં જમા થયેલો શાળાનો ફાળો તેના ઉપરના વ્યાજ સહિત સરકારમાં એક વર્ષના ગાળા દરમિયાન જમા કરવાનો રહેશે.

(૪) તા. ૧-૪-'૬૯ પછી નવા દાખલ થયેલા કર્મચારીને પેન્શનયોજના ફરજિયાત લાગુ પડશે. તેઓ કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડન્ટ ફંડમાં જોડાઈ શકશે નહિ.

(૫) આ હુકમ માટે સુપરએન્યુએટની ઉંમર એટલે બી.સી.એસ.આર. ૧૯૫૯ અને ત્યાર પછી વખતોવખત બહાર પડેલા નિયમાનુસાર સરકારી નોકરીને લાગુ પડતી સુપરએન્યુએશનની ઉંમર હાલ ૫૮ વર્ષ છે.

(૬) જે શિક્ષકો તાલીમ મેળવ્યા પછીની બે વર્ષની સતત નોકરી પૂરી કરી હશે તેમને કાયમી કર્મચારી આ યોજના માટે ગણવામાં આવશે.

(૭) પેન્શન મેળવવા માટેની લાયકાત માટેની નોકરીમાં કામચલાઉ, હંગામી કે કાયમી અગાઉની નોકરી એક કે એક કરતાં વધારે શાળામાં હશે તો પણ ગણતરીમાં લેવાશે. આમાં શરત એ છે કે નોકરીઓમાંનો કોઇપણ બ્રેક છ માસથી વધવો ન જોઈએ અને એવા કુલ છ બ્રેકની મુદત બે વર્ષથી વધવી ન જોઈએ.

નીચે દર્શાવેલાં કારણોસર પડેલો બ્રેક છથી વધુ નહિ હોય તો તેને નોકરીમાં બ્રેક તરીકે ગણવામાં આવશે નહિ.

૧. એક માન્ય શાળામાંથી રાજીનામું આપી બીજી માન્ય શાળામાં જોડાતા વચ્ચે પહેલા બ્રેક ગણતરીમાં લેવાશે પણ વચલા ગાળા દરમિયાન બીજી કોઈ નોકરી કરી હોવી જોઈએ નહિ. કુલ છ બ્રેક માફ કરવાના છે તે પૈકી આવા બ્રેક ત્રણથી વધુ માફ કરવામાં નહિ આવે.

૨. પોતાના કોઈ દોષ વિના નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હોય તો તે અંગેનો બ્રેક માફ કરવામાં આવશે, પણ શિસ્તને કારણે ધોરણસર યોગ્ય કાર્યવાહી પછી છૂટા કરવામાં આવ્યા હશે તો તે બ્રેક પેન્શન અંગે માફ કરવામાં આવશે નહિ.

(૮) જો વ્યવસ્થાપકે પોતાના સુપરવાઇઝર સ્ટાફમાં કોઈની નિમણૂક કરી હશે તો તેમને પેન્શન હક્ક નીચેની શરતોને આધીન રહેશે :

આ રીતે સુપરવાઇઝર નિમાતા પહેલાં જો તેમણે ઓછામાં ઓછાં પાંચ વર્ષ શિક્ષક તરીકેની નોકરી કરી હોય અને આ ઠરાવ બહાર પડ્યા પછી છ માસની અંદર તેમની શિક્ષક તરીકેની જગ્યાએ પાછા મૂકી દીધા હશે, તેમને પેન્શનનો લાભ મળશે.

ખાસ કેસ તરીકે સુપરવાઇઝરની નોકરીનો સમય પેન્શનગણતરી વખતે ગણતરીમાં લેવાશે, પરંતુ આ ઠરાવ બહાર પડ્યા પછી જેમને આવી રીતે સુપરવાઇઝર તરીકે નીમવામાં આવશે તેમને આ માફી આપવામાં આવશે નહિ, પણ ગ્રાન્ટ-ઇન-એઇડના નિયમ : ૬૧-૩ મુજબ નિમાતા સુપરવાઇઝરને અન્ય શિક્ષકોની માફક પેન્શનનો લાભ મળશે.

(૯) કર્મચારીઓને જો બીજા કોઈ લાભો અન્ય રીતે આપવામાં ન આવ્યા હોય તો તેમને બી.સી.એસ.આર. વૉલ્યુમ-૧ : પ્રકરણ - ૧૧ના સામાન્ય નિયમો પેન્શન અને અન્ય નિવૃત્તિલાભો લાગુ પડશે.

(૧૦) શાળાના વ્યવસ્થાપકો દ્વારા રખાયેલી સર્વિસ-રેકોર્ડનો આધાર લઈને જિલ્લાશિક્ષણાધિકારી પેન્શન, ગ્રેજ્યુઇટી મેળવવાપાત્ર કર્મચારીઓની પેન્શન અંગેના કાગળો તૈયાર કરશે. શાળાના વ્યવસ્થાપકો તેમના કર્મચારીઓની સર્વિસબુકમાં વિગતો ભરશે અને તેને પ્રમાણિત કરશે. સર્વિસબુકમાંની નોંધની આ બધી વિગતો જિલ્લાશિક્ષણાધિકારી દર વર્ષે તપાસીને ખાતરી કરશે અને તપાસ્યાનું પ્રમાણપત્ર સર્વિસબુકમાં નોંધશે. જિલ્લાશિક્ષણાધિકારી પેન્શન, ગ્રેજ્યુઇટી વગેરે મંજૂર કરશે અને આ અંગેના કાગળો સર્વ રીતે તૈયાર કરીને ઍકાઉન્ટન્ટ જનરલને મોકલી આપશે. મંજૂર થયેલા પેન્શન, ગ્રેજ્યુઇટી વગેરે સરકારી તિજોરીમાંથી આપવામાં આવશે.

ઍકાઉન્ટન્ટ જનરલ પેન્શન અંગેની માગણી બરાબર તપાસશે અને પેન્શન પેમેન્ટ ઑર્ડર ગવર્મેન્ટ ટ્રેઝરીને મોકલશે કે જ્યાંથી પેન્શનર, પેન્શન ગ્રેજ્યુઇટી લેવા માંગતો હોય.

૩. આ યોજના હેઠળ પેન્શનચુકવણીને લીધે થતો ખર્ચ પેન્શન અને બીજા નિવૃત્તિલાભો ખાતે ઉધારવામાં આવશે.

૪. આ યોજના જેમને લાગુ પડતી હોય તેવા કર્મચારીઓને મંજૂર કરવામાં આપેલું એન્ટિસિપેટરી પેન્શન અથવા ગ્રેજ્યુઇટી નાણા ખાતાના સરકારી ઠરાવ નં. : પીઇએન-૧૦૬૯/૧૮૪૭-જે,ઝેડ., તા. ૧૭-૬-'૬૯ અને બી.સી.એસ.આર. : ૨૧૪ અને પેન્શન અથવા ગ્રેજ્યુઇટી મંજૂર કરનાર સત્તાવાળાઓથી સંચાલિત રહેશે.

૫. નાણા ખાતાના યુ.ઓ.આર. નં. : જે.એચ/૩૫/કે, તા. ૬-૧૧-'૭૧ની ઠરાવની મંજૂરીથી આ હુકમો તા. ૧-૪-'૬૯થી અમલમાં આવશે.

હુકમથી અને ગુજરાત સરકારના નામે,

સહી, પી. એમ. છાયા
સરકારના અન્ડરસેક્રેટરી